મોરબીમાં ઝૂલતો બ્રિજ તૂટવાની દુર્ઘટનામાં મૃતકોના પરિવારને

રૂ. ૧૦ લાખનું વળતર અપાશે: હાઈકોર્ટમાં સરકારનું સોગંદનામુ મોરબી નગરપાલિકાને વિસર્જત કરાશે

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૧૨

ગુજરાત હાઇકોર્ટમાં આજે મોરબી બ્રિજ દુર્ઘટનાના કેસમાં મોરબી નગર પાલિકા અને ગુજરાત સરકારે રજૂ કરેલા સોગંદનામામાં જણાવ્યુ હતુ કે મૃતકોના પરિવારને વધુ વળતર ચૂકવવામાં આવશે. જે અનુસાર કુલ પ્રત્યેક મૃતકોના પરિવારને રૂ. ૧૦ લાખ અને આ ઘટનામાં ઇજા પામેલાઓને રૂ. ૧ લાખનું વળતર ચૂકવવામાં આવશે. આ સાથે ગુજરાત હાઈકોર્ટે હેરિટેજ ઈમારતોની જાળવણી કરવાની ટકોર પણ કરી છે.

મોરબી દુર્ઘટનામાં મોરબી નગર પાલિકાની નિષ્કાળજી સામે આવી હતી. આ પુલના રિનોવેશન બાદ તેની તપાસ કર્યા વગર શરૂ કરવાની મંજૂરી આપી દેવામાં આવી હતી. ત્યારબાદ બ્રિજ તૂટવાને કારણે ૧૩૫ જેટલા લોકોના મોત થયા હતા. સમગ્ર ગુજરાત સહિત દેશમાં આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. મોરબી ઝુલતા પુલની દુર્ઘટનાને લઈને સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે ત્યારે ફરજમાં બેદરકારી અને નિષ્કાળજી માટે મોરબી નગર પાલિકાને વિસર્જિત કરાશે. એડવોકેટ જનરલે કોર્ટને ખાતરી આપી છે. તો આ દુર્ઘટનાનો તપાસ રિપોર્ટ હાઈકોર્ટમાં સીલ કવરમાં રજૂ કરવામાં આવ્યો છે.

મોરબીમાં કેબલ બ્રિજ દુર્ઘટનામાં ૧૩૫ જેટલા લોકોના મોત થયા હતા. આ દુર્ઘટનામાં નાના બાળકો, મહિલાઓના મોત થયા હતા. મોરબી પુલ દુર્ઘટનાના મૃતકોના પરિવારજનોને હજુ સુધી ન્યાય મળ્યો ન હતો. ઉલ્લેખનિય છે કે, ૩૦ ઓક્ટબરે સાંજે ૬ વાગ્યાની આસપાસ મોરબીનો ઝુલતો પુલ તૂટી પડતાં ૧૩૫થી વધુ લોકોના મોત થયા હતા. નગરપાલિકાની લાપરવાહીના કારણે ૧૪૦ લોકો મોતના મુખમાં હોમાઇ જતાં આ ઘટના પર અનેક સવાલ ઉઠી રહ્યાં છે. આ બ્રીજને રિનોવેટ કરીને ખુલ્લો મૂકાયાના ગણતરીના દિવસમાં જ તે તૂટી પડ્યો હતો.

અગાઉ ૨૪ નવેમ્બરના રોજ હાઈકોર્ટે આ કેસની સૂનાવણી દરમિયાન રાજ્ય સરકારનો ઉધડો લીધો હતો અને મૃતકોના પરિવારજનો અને ઈજાગ્રસ્તોને અપાયેલું વળતર ખૂબ ઓછું હોવાની ટકોર કરતા કહ્યુ કે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલાને ૫૦ હજાર અને મૃતકોના પરિવારજનોને આપવામાં આવેલું ૪ લાખ વળતર ઓછું છે અને તે ૪ લાખને બદલે રૂા.૧૦-૧૦ લાખ હોવી જોઈએ. આ ઉપરાંત ગુજરાત હાઈકોર્ટે મોરબી બ્રિજ દુર્ઘટનાને ગંભીરતાથી લઈને તમામ બ્રિજનો સર્વે કરવાનો આદેશ આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે મોરબી નગરપાલિકાએ અજંતા બ્રાન્ડવાળી ઘડિયાળો બનાવતા ઓરેવા ગ્રુપને ઝૂલતા પુલનો ૧૫ વર્ષનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. ત્યારે હાઇકોર્ટે અગાઉની એક સૂનાવણીમાં એવો પણ સવાલ કર્યો હતો કે શું રાજ્ય સરકાર એટલી બધી ઉદાર હતી કે ટેન્ડર બહાર પાડ્યા વિના જ ઓરેવા ગ્રુપને આટલુ મોટુ કામ આપી દીધુ હતુ? એટલુ જ નહી ૨૦૧૭ પછી કરાર રિન્યુ કરાયો નહી હોવા છતાં પણ કંપની શા માટે ઓપરેટ કરતી હતી તેમ પણ પૂછ્યુ હતું.

એચડીએફસી બેંકે પરિવર્તન સ્માર્ટઅપ ગ્રાન્ટસ માટે સ્ટાર્ટઅપ ઈન્ડિયા સાથે સહભાગીદારી કરી

અમદાવાદ, ૧૨

એચડીએફસી બેંકે આજે ભારત સરકારની પ્રમુખ પહેલ 'સ્ટાર્ટઅપ ઇન્ડિયા'ના સહયોગમાં સામાજિક સ્ટાર્ટઅપ્સ માટેના ગ્રાન્ટ્સ પ્રોગ્રામની છઠ્ઠી વાર્ષિક આવૃત્તિ લોન્ચ કરી હતી.પરિવર્તન સ્માર્ટઅપ ગ્રાન્ટ્સ તરીકે જાણીતા આ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય સામાજિક પ્રભાવના ક્ષેત્રમાં કામ કરતાં સ્ટાર્ટઅપ્સને ઓળખી કાઢવાનો તથા તેમના ઇન્ક્યુબેટરોને આર્થિક અનુદાન આપી તેમને સમર્થન પૂરું પાડવાનો છે.આ અનુદાનો બેંકની સામાજિક પહેલ માટેના મુખ્ય નામ 'પરિવર્તન'ના નેજા હેઠળ પૂરી પાડવામાં આવી છે. અત્યાર સુધીમાં બેંકે ૪૫થી વધારે ઇન્ક્યુબેટરોને રૂ. ૩૦ કરોડ વધારેના અનુદાનની ચૂકવણી કરી છે, જેણે પર્યાવરણ, કૃષિલક્ષી વ્યવસાયો, એડ્-ટેક, કચરાંના મેનેજમેન્ટ, આરોગ્યસેવા અને કૌશલ્યવિકાસના સેક્ટર જેવા ક્ષેત્રોમાં ૧૬૫થી વધારે સ્ટાર્ટ-અપ્સને સમર્થન પૂરું પાડ્યું છે. બેંક તેના અત્યાધુનિક સ્માર્ટઅપ પ્રોગ્રામ મારફતે આ સ્ટાર્ટઅપ્સને સક્ષમ બનાવી રહી છે, જે ઉદ્યોગસાહસિકોને વિશિષ્ટ પ્રકારની બેંકિંગ અને મૂલ્યવર્ધિત સેવાઓ પૂરી પાડી રહી છે.તેનો ઉદ્દેશ્ય, બેંકના સુવિખ્યાત અને અત્યાધુનિક સ્માર્ટ ફાઇનાન્શિયલ ટૂલ્સ, સલાહ પૂરી પાડવાની સેવા અને ટેકનોલોજી મારફતે સ્ટાર્ટ-અપ્સના લક્ષ્યાંકો હાંસલ કરવામાં તેમને મદદરૂપ થવાનો છે.એચડીએફસી બેંકના ઇએસજી અને સીએસઆરના હેડ નુસરત પઠાણે જણાવ્યું હતું કે, 'નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ સુધીમાં અમે અમારી વિવિધ સીએસઆર પહેલ મારફતે સમગ્ર દેશના ૯.૬ કરોડથી વધારે લોકોના જીવનને પ્રભાવિત કર્યું છે. અમારો ઉદ્દેશ્ય પરિવર્તન મારફતે પ્રત્યક્ષ અને પરોક્ષ હસ્તક્ષેપો કરી લોકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવાનો, તેમને આત્મનિર્ભર બનાવી શકાય તે માટે તેમનું સશક્તિકરણ કરવાનો અને તેમને સમાજમાં એકીકૃત કરવાનો છે. અમે અમારી છઠ્ઠી પરિવર્તન સ્માર્ટઅપ ગ્રાન્ટ્સ માટે સ્ટાર્ટઅપ ઇન્ડિયા સાથે સહયોગ સાધીને ખૂબ જ ગર્વ અનુભવી રહ્યાં છીએ, જે સામાજિક નિસ્બત ધરાવતા વ્યવસાયોને તેમના વિઝન અને મિશનને હાંસલ કરવામાં મદદરૂપ થશે.'એચડીએફસી બેંકના સ્ટાર્ટઅપ્સ માટેના વેન્ચર ઇન્વેસ્ટમેન્ટ, સ્ટ્રક્ચર્ડ ફાઇનાન્સ અને સીએસઆરના હેડ નેહા અગ્રવાલે જણાવ્યું હતું કે, 'ઉદ્યોગસાહસિકોને તેમની વિકાસયાત્રા દરમિયાન મદદરૂપ થનારી ઇકોસિસ્ટમની રચના કરવામાં ભારત સરકાર અને ઇન્ક્યુબેટરોએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

જ્યારે પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ સામાજિક હેતુ અને ઉત્કર્ષ હોય ત્યારે લડત ખૂબ જ દુષ્કર્ષ બની જાય છે. છેલ્લાં ૫ વર્ષ દરમિયાન અમે અમારા સ્માર્ટઅપ ગ્રાન્ટ્સ પ્રોગ્રામ મારફતે આ સોશિયલ-ઇમ્પેક્ટ સ્ટાર્ટઅપ્સ માટે ફન્ડિંગના અંતરાલને દૂર કરવામાં થોડું યોગદાન આપી શક્યાં છીએ.અમારા ઇન્ક્યુબેટર પાર્ટનરો અને સ્ટાર્ટઇન્ડિયા તરફથી સમર્થનની મદદથી આ છઠ્ઠી આવૃત્તિમાં સૌ કોઈ માટે વધુ કાર્યક્ષમ અને અસરકારક પરિણામો લાવવા માટે પ્રયત્નશીલ છીએ.'આ વર્ષે બેંક ટિયર-૨ અને ટિયર-૩ શહેરોમાં કામ કરી રહેલા ઇન્ક્યુબેટરો અને સ્ટાર્ટઅપ્સનું ક્ષમતાનિર્માણ કરવા પર પણ કેન્દ્રીત રહેશે. પસંદ કરવામાં આવેલા ઇન્ક્યુબેટર સહભાગીઓ મારફતે બેંક પર્યાવરણના સંરક્ષણ, પરવડે તેવી આરોગ્યસેવા, સ્થાયી ગ્રામ્ય અર્થતંત્ર, સુશાસન માટેની ટેકનોલોજીઓ, એસએમઈના આર્થિક વિકાસ, જાતિય વૈવિધ્યતા અને સમાવેશનના ક્ષેત્રમાં ઉકેલો વિકસાવવા માટે કામ કરી રહેલાં સોશિયલ ઇમ્પેક્ટ સ્ટાર્ટઅપ્સને ભંડોળ પૂરું પાડશે.

નવી મંત્રીમંડળમાં અગાઉના ૧૦ મંત્રીના પત્તા કપાયા

જીતુ વાઘાણી, હાર્દિક, અલ્પેશ ઠાકોરનો સમાવેશ ન કરાયો

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડ બ્રેક વિજય પછી આજે ભુપેન્દ્ર પટેલના મંત્રીમંડળે શપથ લીધા છે. નવા મંત્રીમંડળમાં કેટલાક મોટા ફેરફારો થશે તે નક્કી હતું જેમાં ભુપેન્દ્ર પટેલની અગાઉની ટીમના ૧૦ મંત્રીઓના પત્તા કપાઈ ગયા છે. એટલું જ નહીં આ વખતે હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવશે તેવી અટકળો ચાલતી હતી. પરંતુ એવું કંઈ થયું નથી.

ભુપેન્દ્ર પટેલના પ્રથમ મંત્રીમંડળમાં સામેલ હોય પરંતુ આ વખતે સ્થાન મળ્યું ન હોય તેવા લોકોનો વિચાર કરીએ તો તેમાં જીતુ વાઘાણીનું નામ સૌથી ઉપર આવે છે. અગાઉની સરકારના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીનું પત્તું આ વખતે કપાઈ ગયું છે. તેવી જ રીતે નવા મંત્રીમંડળમાં પૂર્ણેશ મોદી, કિરીટસિંહ રાણા, અર્જુનસિંહ ચૌહાણ, જીતુ ચૌધરીના નામ પણ ગેરહાજર છે.

તેવી જ રીતે મનીષા વકીલ, નિમિષા સુથાર, ગજેન્દ્રસિંહ પરમાર, વિનુ મોરડિયા, દેવા માલમ જેવા નેતાઓ ગઈ સરકારમાં મંત્રી પદ ધરાવતા હતા, પરંતુ આ વખતે તેમની વિકેટ પડી ગઈ છે.આ વખતે શંકર ચૌધરી, હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર, જયેશ રાદડિયાને સમાવવામાં આવશે તેવી વાતો બે-ત્રણ દિવસથી વહેતી થઈ હતી. પરંતુ તેમને મંત્રીમંડળમાં સામેલ કરાયા નથી. રમણભાઈ વોરા, ગણપત વસાવાના નામ પણ બહુ ગાજ્યા હતા પરંતુ તેમને શપથ લેવડાવવામાં આવ્યા નથી. શંકર ચૌધરી, રમણભાઈ વોરા અથવા ગણપત વસાવાને વિધાનસભાના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવે તેવી શક્યતા છે.

નવી સરકારમાં એકમાત્ર મહિલા મંત્રી તરીકે ભાનુબેન બાબરિયાનો સમાવેશ કરાય છે. સૌરાષ્ટ્રમાંથી ચાર કેબિનેટ મંત્રીઓ તરીકે રાઘવજી પટેલ, મુળીભાઈ બેરા, કુંવરજી બાવળિયા અને ભાનુબેન સામેલ છે. આ ઉપરાંત રાજ્ય કક્ષાના એક મંત્રી પરસોતમ સોલંકીનો સમાવેશ કરાયો છે. રાજયના ૧૨ જિલ્લામાંથી આ મંત્રીમંડળમાં પ્રતિનિધિત્વ અપાયું છે. આ વખતે ૧૬ મંત્રીઓ અને એક મુખ્યમંત્રી સહિત ૧૭ વ્યક્તિનું કોમ્પેક્ટ મંત્રીમંડળ બન્યું છે. તેથી આગામી દિવસોમાં કેટલાક ચહેરાઓને સામેલ કરવામાં આવે અને મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવે તેવી શક્યતા છે.

ભુપેન્દ્ર પટેલની બીજી વખતની સરકારમાં ઋષિકેશ પટેલ, કનુભાઈ દેસાઈ, રાઘવજી પટેલ, કુબેર ડિંડોર, જગદીશ પંચાલ, મુકેશ પટેલ અને હર્ષ સંઘવીને બીજી વખત મંત્રીપદ આપવામાં આવ્યું છે.

ભરૂચ પોલીસે ૩૦૦ કિલો ગૌમાંસના જથ્થા સાથે બે કસાઈઓને ઝડપ્યા

ભરૂચ,તા.૧૨

ભરૂચ શહેરના ભઠીયારવાડ વિસ્તારમાં આવેલ કુંજરી ગલીમાં જુનેદ કાલુ કુરેશી અને ઈલ્યાસ મજીદ કુરેશી ગાયની કતલ કરી રહ્યા છે. જેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી કાળા અને સફેદ કલરની ગાય ઊંઘા અવસ્થામાં પડી હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે સ્થળ પરથી ૩૦૦ કિલો ગૌ માસ કબજે કર્યું હતું અને ગૌ માંસ કાપવાની ૧ છરી, સળીયો તેમજ કુહાળી કબજે કરી બે કસાઈઓ જુનેદ કાલુ કુરેશી અને ઈલ્યાસ મજીદ કુરેશીને ઝડપી પાડી પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ અને પશુ ઘાતકીપણાની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

૨૦ મિનિટમાં ઈકોફ્રેન્ડલી કાર વોશનીઅદ્યતન સુવિધા

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ક્લીનકાર્ટ દ્વારા 'ગ્રીન' કારવોશની અનોખી સુવિધા શરૂ

અમદાવાદ, ૧૨

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કાર વોશ માટે ઇકોફ્રેન્ડલી સર્વિસ શરૂ કરવામાં આવી છે.સર્વિસ પાર્ટનર ક્લીન કાર્ટ દ્વારા અનોખી રીતે ડિઝાઇન કરાયેલ કાર વોશ સેન્ટર પર તમામ મુસાફરો સહિત પીકઅપ-ડ્રોપીંગ માટે આવતા લોકો પણ આ સુવિધાનો લાભ લઈ શકશે.આ સુવિધાથી માત્ર૨૦ મિનિટ૧.૫ લીટર પાણીથી કારવોશ કરવામાં આવે છે.

એરપોર્ટ પાર્કિંગમાં પાર્ક કરેલી કારનેક્લીન કાર્ટવોશ કરવાનુંકામ કરશે. એટલે કે, એરપોર્ટ પાર્કિંગમાં કાર પાર્ક કરીને જતા મુસાફરોને ચિંતા કરવાની જરાય જરૂર નથી. જો કે પાર્કિંગમાં મુસાફરોડેડિકેટેડ કાર વોશ સર્વિસ અલગથી બુક કરાવી શકે છે. પ્રીબુકીંગ બાદ ક્લીન કાર્ટકાર પાર્કિંગ સ્થાને જઈને ક્લીનીંગ સેવા પૂરી પાડશે.વળી ડ્રોપ અથવા પીક અપ માટે આવતા મુસાફરો અને સગા-સંબંધીઓ પણ આ સુવિધાનો લાભ લઈ શકશે. એક દિવસની સફર કરતા મુસાફરો માટે આ વધુ ફાયદાકારક રહેશે કારણ કે પરત ફરતી વેળાએ તેમની કાર બિલકુલ સાફ સુથરી હશે, જોકે આ માટે તેમણે પ્રીબુકીંગ કરાવવાનું રહેશે. એરપોર્ટ પર સગા-વહાલાને મળવા આવતા કે પીકઅપ-ડ્રોપીંગ માટે આવતા સંબંધીઓ તેમનાવધારાના સમયમાં આ સેવાનો લાભ ઉઠાવી શકે છે.

કાર ધોવાની પ્રક્રિયા ઈકોફ્રેન્ડલી રીતે કરવામાં આવે છે. કારની સફાઈ લગભગ ૨૦ મિનિટમાંપૂર્ણ થઈ જાય છે.CleanCart કાર વોશ માટે લગભગ ૧.૫-લિટર પાણી સાથે બાયો-ડિગ્રેડેબલ ક્લિનિંગ ફોર્મ્યુલાનો ઉપયોગ કરે છે. પોર્ટેબલ ક્લીનકાર્ટમાં ૪૦-લિટરની ટાંકી હોય છેજેમાંથી એક ફિલિંગમાં ૨૫ કાર વોશકરી શકાય છે. ગ્રાહકો માટે સૌથી અગત્યની અને ફાયદાકારક બાબત એ છે કે, ક્લીનકાર્ટ વાહન પાર્કીંગના સ્થાને જઉભુ કરવામાં આવ્યું છે.તેનો સ્ટાફ કાર પરથી કચરો ધોઈનેસાફ-સફાઈ કરી આપે છે.

એસવીપીઆઇ એરપોર્ટ એક પ્રતિબદ્ધ એરપોર્ટ ઓપરેટર તરીકે પેસેન્જર ફીડબેકના આધારે ઘણી પેસેન્જર-કેન્દ્રિત સેવાઓ પ્રદાન કરે છે.કાર વોશની સેવા મુસાફરોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેમનેશ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવાશરૂ કરવામાં આવી છે.

કેનેડામાં ભારતીયોને વધ્યો ખતરો : ૪૦ વર્ષીય શીખ મહિલાની ઘરમાં ઘુસીને હત્યા

કેનેડા,તા.૧૨

કેનેડામાં ભારતીયો પર હુમલાનો સિલસિલો યથાવત છે. કેનેડિયન પોલીસે આપેલ જાણકારી અનુસાર ૪૦ વર્ષીય શીખ મહિલાની તેના જ ઘરમાં હત્યા કરી દેવામાં આવી છે. આ હત્યાના આરોપ હેઠળ તેના પતિની શંકાસ્પદ વ્યક્તિ તરીકે ધરપકડ કરવામાં આવી છે. એક સમાચાર અજન્સીએ શુક્રવારે જાણકારી આપતા જણાવ્યું હતું કે, બ્રિટીશ કોલંબિયાના સરેમાં હરપ્રીત કોર પર ચાકૂથી અનેક વાર હુમલો કરીને તેના જ ઘરમાં હત્યા કરવામાં આવી છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ (RCMP)એ જાણકારી આપી કે, બુધવારે રાત્રે ૯:૩૦ વાગ્યાની આસપાસ ન્યૂટન વિસ્તારમાં આ ઘટના સર્જાતા પોલીસને બોલાવવામાં આવી છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, પોલીસ અધિકારી જે સમયે સ્થળ પર પહોંચ્યા તે સમયે મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત હતી. જેથી મહિલાને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલમાં મહિલાનું મૃત્યુ થયું હતું. ઈન્ટીગ્રેટેડ હોમિસાઈડ ઈન્વેસ્ટીગેશન ટીમ (Integrated Homicide Investigation Team, IHIT)ના ટીમોથી પિયોરોટી ક્રાઈમ યુનિટ સાથે આ ઘટના અંગે તપાસ કરી રહ્યા છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, હરપ્રીત કૌરના ૪૦ વર્ષીય પતિની ઘટનાસ્થળેથી શંકાસ્પદ તરીકે ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેના પતિને રિલીઝ કરી દેવામાં આવ્યો છે. પોલીસે લોકોને હરપ્રીત કોરના મર્ડર વિશે અને તેના અંગે જાણકારી રાખનાર કોઈપણ વ્યક્તિને આગળ આવવા માટે અપીલ કરી છે. જેથી આ અંગે પ્રાપ્ત થયેલ માહિતી તપાસમાં મદદરૂપ થઈ શકે. પિયોરોટીએ જણાવ્યું કે, તપાસકર્તાઓ આ અંગે ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છે. આ પ્રકારની ઘટનાથી પીડિત પરિવાર, મિત્રોની સાથે સાથે સમગ્ર સમુદાય પર પણ અસર થઈ રહી છે. સરે RCMP પીડિત લોકોને અને તેમના પરિવારને મદદ કરવા માટે હંમેશા તત્પર છે.

અગાઉ ૩ ડિસેમ્બરના રોજ ઓન્ટારિયો પ્રાંતના મિસિસોગામાં કેનેડિયન-શીખ ૨૧ વર્ષીય મહિલા પવનપ્રીત કોરની હત્યા કરવામાં આવી હતી. શનિવારે રાત્રે એક અજાણ્યા હુમલાખોરે ગેસ સ્ટેશનની બહાર આ મહિલાને ગોળી મારી હતી.

પોલીસ આ ઘટનાને "ટાર્ગેટ કિલિંગની" ઘટના માની રહી છે. અગાઉ કેનેડાના બ્રિટીશ કોલંબિયા પ્રાંતમાં એક હાઈ સ્કૂલના પાર્કિંગમાં ભારતીય મૂળની કિશોરી મહકપ્રીત સેઠીની હત્યા કરવામાં આવી હતી. એક કિશોરે છરીના ઘા મારીને આ કિશોરીની હત્યા કરી હતી.

સદરપુર પ્રાથમિક શાળાના શિક્ષકને રાષ્ટ્રીય ગૌરવ શિક્ષકનું બિરૂદ મળ્યું

બનાસકાંઠા,તા.૧૨

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાની સદરપુર પ્રાથમિક શાળાના શિક્ષક રાહુલ મોદી ને રાષ્ટ્રીય ગૌરવ શિક્ષક એવોર્ડ મળ્યો છે. શિક્ષકે શિક્ષણ ક્ષેત્રે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ શિક્ષકને સન્માનપત્ર અને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા.બનાસકાંઠા જિલ્લો અતિ પછાત જિલ્લો માનવામાં આવે છે.અહીં શિક્ષણનું સ્તર ખૂબ જ ઓછું છે. પરંતુ જિલ્લો હવે ધીમે ધીમે જિલ્લામાં શિક્ષણ સ્તરમાં સુધારો આવી રહ્યો છે. જિલ્લામાં શિક્ષકો દ્વારા શિક્ષણને ખૂબ જ મહત્વ આપી બાળકોમાં શિક્ષણ વધે અને વાલીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યાં છે. જિલ્લામાંથી અનેક વિદ્યાર્થીઓ હવે સરકારી નોકરીઓમાં સારી પોસ્ટ પર છે. જેના કારણે આ બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધી રહ્યું છે.સમગ્ર ભારત દેશના ૧૬ રાજ્યોના ૧૭૨ ઈનોવેટિવ શિક્ષકોનું શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રીય ગૌરવ શિક્ષક સન્માન આપી સન્માનિત કરાયા હતા. જેમાં ડીસા તાલુકાની સદરપુર પ્રાથમિક શાળાના શિક્ષક રાહુલ મોદીની પસંદગી કરાઈ હતી.શાળામાં કરેલી વિવિધ પ્રવૃત્તિઓ, ઈનોવેશન, તેમજ ૨૪૦ થી પણ વધુ ઓનલાઈન ક્વિઝની કામગીરી બદલ ટીમ મંથન દ્વારા તેમને રાષ્ટ્રીય ગૌરવ શિક્ષક સન્માનપત્ર તથા મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડીસા તાલુકા તથા સદરપુર પ્રાથમિક શાળાનું ગૌરવ વધાર્યું હતું.શિક્ષકોની સારી કામગીરીને લઈને અનેક સંસ્થાઓ તેમજ સરકાર દ્વારા શિક્ષકોનું સન્માન કરવામાં આવે છે. ગુજરાત ટીમ મંથન દ્વારા આયોજિત શિક્ષકોના શિક્ષણ ક્ષેત્રે કરેલ ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરીના સન્માનાર્થે ઊંઝા ઉમિયાધામમાં રાષ્ટ્રીય ગૌરવ શિક્ષક સન્માન સમારોહનું આયોજન કરાયું હતું.આ કાર્યક્રમના મુખ્ય મહેમાન વિશ્વ શાંતિ એવોર્ડ વીજેતા ડો. ધરમચંદ આચાર્ય, રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા ચંદુભાઈ મોદી ઉર્ફે એ.ટી.ડી. અને ટીમ મંથનના નેશનલ મોટિવેટર શૈલેષભાઈ પ્રજાપતિ હાજર રહ્યા હતા.

વડોદરામાં પતિ પત્નીના લગ્ન જીવનને તૂટતા બચાવતી

અભયમ ટીમ જીદે ચડેલી દિકરીને કારણે પતિ પત્નીના લગ્ન જીવવને તૂટવાના આરે આવ્યા

વડોદરા,તા.૧૨

પ્રેમલગ્ન કરવા ઇચ્છતી યુવતીના કારણે માતા-પિતાનું લગ્ન જીવન ભંગાણના આરે આવી ગયું હોવાનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. માતાએ દીકરીના પ્રેમલગ્ન માટે સમજદારીથી કામ લેવા માટે પતિને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ, દીકરીએ પસંદ કરેલો યુવાન અન્ય જ્ઞાતિનો હોવાથી પિતાને પસંદ ન હતું. પિતાએ દીકરીને મદદરૂપ થવા માટે દબાણ કરતી પત્ની સાથે છૂટાછેડા લેવાનો નિર્ણય લીધો હતો. દીકરીની જીદના કારણે તૂટી રહેલા દામ્પત્ય જીવનને બચાવવા માટે પત્નીએ અભયમ પાસે મદદ માંગી હતી. અભયમે પતિ-પત્નીનું કાઉન્સેલિંગ કરીને તૂટી રહેલા દાંપત્ય જીવનને બચાવી લીધું હતું. આ કિસ્સાની વિગત એવી છે કે, વડોદરાના વાઘોડિયા વિસ્તારમાં પાયલ (નામ બદલ્યું છે)ને એક યુવાન સાથે પ્રેમલગ્ન કરવું હતું. તેને પોતાના માતા-પિતા પાસે મંજૂરી માંગી હતી. પાયલે પ્રેમલગ્નની વાત કરતા જ માતા-પિતા તેના ઉપર રોષે ભરાયા હતા. બાદમાં પાયલે તેની માતાને સમજાવી લેવામાં સફળ રહી હતી. પરંતુ, પિતાને સમજાવી શકી ન હતી. પિતા દીકરી પાયલને જ્ઞાતિના યુવાન સાથે લગ્ન કરાવવા માંગતા હતા. પાયલ પણ પોતાના પ્રેમી યુવાન સાથેજ લગ્ન કરવા માટે જીદ કરીને બેઠી હતી. પાયલની જીદના કારણે માતા-પિતા વચ્ચે ઝઘડાઓ શરૂ થયા હતા. માતા દીકરી પુખ્ત વયની થઈ ગઈ છે. તેને તેની પસંદગીના યુવાન સાથે લગ્ન કરવાનો અધિકાર છે. તેવી વાત કરી પત્ની પતિને સમજાવવાનો પ્રયાસ કરી રહી હતી. પત્નીએ પતિને તેમ પણ જણાવ્યું હતું કે, દીકરી પાયલે પસંદ કરેલા યુવાનના ઘરે જઈ તેના માતા-પિતા સાથે વાતચીત કરો. યુવાન સાથે વાતચીત કરો. પછી નિર્ણય લો. પરંતુ, પતિ દીકરી પાયલે પસંદ કરેલા અન્ય જ્ઞાતિના યુવાન સાથે લગ્ન કરાવવા માટે બીલકુલ સહમત ન હતા. પ્રેમી સાથે લગ્ન કરવાની જીદ પકડીને બેઠેલી દીકરી પાયલના કારણે માતા-પિતા વચ્ચેનો ઝઘડો રોજનીશી થઈ ગયો. પતિ-પત્નીએ એકબીજા સાથે વાતચીત કરવાનું બંધ કરી દીધું હતું. દીકરીના કારણે ઝઘડઓ એટલી હદ સુધી પહોંચી ગયો કે, પતિએ પત્ની સાથે છૂટાછેડા લઇ લેવાનો નિર્ણય કર્યો. પરંતુ, દીકરી પાયલના પ્રેમલગ્ન કરવા માટે સહમત થવા બીલકુલ તૈયાર થતાં ન હતા.દીકરી પાયલના કારણે પતિ અને પત્ની સાથે છૂટા પડવાનો આખરી નિર્ણય લઈ લેતા પત્ની ગભરાઇ ગઇ હતી. ગભરાઈ ગયેલી પત્નીએ વર્ષોના દામ્પત્ય જીવનને બચાવવા માટે અભયમ ટીમને ફોન કરીને પોતાની આપવીતી જણાવી હતી. અભયમ ટીમ તેઓના ઘરે પહોંચી ગઇ હતી અને પતિ અને પત્ની વાત સાંભળ્યા બાદ બંનેનું કાઉન્સેલિંગ કરીને સમજાવ્યા હતા. અભયમ ટીમે સમજાવ્યા બાદ પતિ દીકરીના પ્રેમીના પરિવારને મળવાની સહમતી બતાવી હતી. આમ અભયમ ટીમે પ્રેમલગ્ન કરવાની જીદે ચઢેલી દીકરીના કારણે ભંગાણના આરે આવી પહોંચેલા વર્ષો જુના તૂટી રહેલા દામ્પત્ય જીવનને ઉગારી લીધું હતું. અભયમ ટીમે દીકરીને પણ સમજાવી હતી. અને જણાવ્યું હતું કે, દીકરી માતા કરતા પિતાને વધુ પ્રિય હોય છે. પિતા જે કંઈ વિચારે તે સારા માટે હોય છે. પિતા તારી ખુશી માટે તારી પસંદના યુવાન અને તેના પરિવાર સાથે વાત કરશે. યોગ્ય જણાશે તો તારા હિતમાં નિર્ણય લેશે.

અકોટા વિસ્તારની શ્રીજીનગર સોસાયટીમાં

બર્થ-ડે પાર્ટીમાં દારૂની મહેફિલ માણી રહેલી બર્થ ડે ગર્લ સહિત ૬ નબીરા ઝડપાયા

વડોદરા,તા.૧૨

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં બર્થ-ડે નિમિત્તે આયોજીત પાર્ટીમાં દારૂની મહેફિલ માણી રહેલી બર્થ-ડે ગર્લ સહિત ૬ નબીરાઓને પોલીસે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. અકોટાની શ્રીજીનગર સોસાયટીમાં એક યુવતી દ્વારા પોતાના બર્થ-ડે નિમિત્તે પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. અકોટાની સોસાયટીમાંથી દારુની મહેફિલ માણતા બે યુવતી સહિત ૬ નબીરાઓ ઝડપાતા ચકચાર મચી ગઈ હતી. મળેલી માહિતી પ્રમાણે ગોત્રી પોલીસ પોતાના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી.

દરમિયાન અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ રોહિતભાઇને અકોટા વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોર પૂજા કોર્ટ-૧ શ્રીનગર સોસાયટીમાં દારૂની મહેફિલ ચાલતી હોવાની માહિતી મળી હતી. જેના આધારે તેઓ મહિલા પોલીસ, પંચો તેમજ અન્ય સ્ટાફની મદદ લઇને પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે દરોડો પાડતા જ મહેફિલ માણી રહેલા નબીરાઓનો દારૂ ઉતરી ગયો હતો. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે દારૂની મહેફિલ માણી રહેલી બે યુવતીઓ અને ચાર યુવાનો પૈકી એક યુવતીની બર્થ-ડે હતી.

જેથી આ યુવતીએ પોતાની સહેલીના ઘરમાં પાર્ટીનું આયોજન કર્યું હતું. જે પાર્ટીમાં તેને પોતાના મિત્રોને બોલાવ્યા હતા. બર્થ-ડે પાર્ટીનું આયોજન કરનાર તેમજ તેના મિત્રો અગાઉ સાથે કોલેજમાં અભ્યાસ કરતા હતા. પોલીસે પાર્ટીના સ્થળેથી દારૂની બોટલ સહિત અન્ય મુદ્દામાલ કબજે કર્યો હતો.

અસ્મિતા ઇન્દ્રજીતસિંહ જાડેજા (ઉં.૨૫) રહે. બી-૧, વત્સલ એપાર્ટમેન્ટ, વસ્ત્રાપુર, અમદાવાદ). મૈત્રી સમીરભાઇ મહેતા (ઉં.૨૪) રહે. બી-૧, વત્સલ એપાર્ટમેન્ટ, વસ્ત્રાપુર, મૂળ વતન શ્રીનાથજી સોસાયટી, લખતર, સુરેન્દ્રનગર) સ્નેહ ઉર્ફે જીમી પ્રફુલકુમાર ગામડીયા (ઉં.૨૮) રહે. એમ-૨૦૪, દર્શનમ સેન્ટ્રલ પાર્ક, સયાજીગંજ, વડોદરા) શ્રેય ઓમપ્રકાશ મિશ્રા (ઉં.૨૮) રહે. ૧૩-૨૯૮, સર્વેશ્વર ફ્લેટ, ગોરવા, વડોદરા) સાર્થક ઉર્ફે સારથી વિજય પ્રકાશ મિશ્રા (ઉં.વ.૨૫) ૧૩, ૨૯૮, સર્વેશ્વર ફ્લેટ, ગોરવા, વડોદરા) મનન હેમંતભાઇ દેશાઇ (ઉં.૨૫) બી-૩૯, કેન્દ્રનગર સોસાયટી, સુખધામ મંદિર, ઉમા ચાર રસ્તા, વાઘોડિયા રોડ વડોદરા)

ગોત્રી પોલીસે દારૂની મહેફીલ માણતા ઝડપાયેલા તમામ યુવાનો-યુવતીઓ પાસેના ૬ મોબાઇલ ફોન, બે મોપેડ સહિત રૂપિયા ૧ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ગોત્રી પોલીસે તમામ સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. નોંધનીય છે કે, પોલીસ દ્વારા તમામ સામે કાયદાકીય કાર્યવાહી કરીને જામીન ઉપર મુક્ત કરી દીધા હતા.

ક્રીકથી ત્રણ પાકિસ્તાની માછીમારોની ધરપકડ થઇ

કચ્છ, તા.૧૨

સીમા સુરક્ષા દળ (બીએસએફ)ના જવાનોએ આજે કચ્છમાંથી ત્રણ પાકિસ્તાની માછીમારોને ઝડપી પાડ્યા છે. બીએસએફે ભારત-પાકિસ્તાન બોર્ડર પાસે ક્રીક વિસ્તારમાંથી ત્રણ પાકિસ્તાની માછીમારોની સોમવારે ધરપકડ કરી છે અને તેમની હોડીઓ જપ્ત કરી છે.અહેવાલો અનુસાર બીએસએફએ જાણકારી આપી છે કે, આખી રાત એક વિશેષ અભિયાન હાથ ધરાયું હતું અને હરામી નાળા ક્રીક વિસ્તારમાંથી સોમવારે સવારે ત્રણ માછીમારોની ધરપકડ કરાઈ અને તેમની હોડીઓ પણ જપ્ત કરવામાં આવી છે.

બીએસએફ નિવેદનમાં કહ્યું કે, પાકિસ્તાની માછીમારો દ્વારા ભારતીય ક્ષેત્રમાં માછલી પકડવાની ગતિવિધિ અંગેની અમને માહિતી મળતા જ બીએસએફની પેટ્રોલિંગ ટીમે તુરંત ઘટના સ્થળે પહોંચી માછીમારો અને હોડીઓને જપ્ત કરી હતી. બીએસએફના જવાનોને આવતા જોઈ માછીમારોએ પાકિસ્તાન તરફ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જોકે બીએસએફે તેમની ઝડપી પાડ્યા હતા. માહિતી મુજબ આ માછીમારો પાકિસ્તાનના ઝીરો પોઈન્ટ પણ રહે છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે, આ ત્રણે માછીમારોમાંથી એકને બીએસએફએ ૨૦૧૭માં પણ પકડ્યો હતો અને એક વર્ષ સુધી ભુજની જેલમાં બંધ હતો, ત્યારબાદ તેને અટારી વાઘા બોર્ડર પરથી પાકિસ્તાન મોકલવામાં આવ્યો હતો.

સિલ્ચર ટેકનોલોજીસ લિમિટેડ

SHILCHAR

રજી. કચેરી : બીલ રોડ, બીલ-૩૯૧૪૧૦, જિ.વડોદરા, ગુજરાત, ઇન્ડિયા
વર્કસ : મુવાલ સબ-સ્ટેશન પાસે, પાદરા જંબુસર હાઈવે, ગવાસાદ, વડોદરા-૩૯૧૪૩૦ ઈમેઈલ : info@shilchar.com, વેબસાઈટ : www.shilchar.com
ફોન નં. : (0265) 268 0466, 268 0566 ફેક્સ નં. : (0265) 268 0611
સીઆઈએન : L29308GJ1986PLC008387

કંપનીના અનકલેઈમ ડિવિડન્ડ અને ઈક્વીટી શેર્સને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ(આઈઈપીએફ) ઓથોરીટી ખાતે ફેરવવા બાબત

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ (ધી એક્ટ) ની કલમ ૧૨૪ ના ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) નિયમો, ૨૦૧૬ (ધી રૂલ્સ), સુધારેલા ની જોગવાઈઓના સહ વંચાણ પ્રમાણે, કંપનીના એવા ઈક્વીટી શેર્સ જેનું ડિવિડન્ડ સતત છેલ્લા સાત વર્ષ કે તેથી વધુ સમયથી અનકલેઈમ છે અથવા ચૂકવી શકાયું નથી, એવા શેર્સને કંપનીએ આઈઈપીએફ ઓથોરીટીના ડિમેટ ખાતામાં ફેરવવાના રહે છે.

કંપનીએ, એવા શેરધારકો જેમના શેર્સ/ડિવિડન્ડ આઈઈપીએફ ઓથોરીટીના ખાતે ફેરવવા પાત્ર છે, એવા સંબંધિત શેરધારકો ને તેમના નોંધાયેલા સરનામે વ્યક્તિગત સૂચનાઓ પાઠવીને તેમનું અનકલેઈમ ડિવિડન્ડ કલેઈમ કરવા જણાવ્યુ છે. કંપનીએ તેની વેબસાઈટ www.shilchar.com પર એવા સંબંધિત શેરધારકો જેમના શેર્સ આઈઈપીએફ ઓથોરીટીના ખાતે ફેરવવાને પાત્ર છે, તેમના નામ દર્શાવવામાં આવ્યા છે. સંબંધિત શેરધારકોને કંપનીની વેબસાઈટ જોઈ લેવા અને અનકલેઈમ ડિવિડન્ડ અને શેર્સ જે આઈઈપીએફ ઓથોરીટીના ખાતે ફેરવવા પાત્ર છે, તેની વિગતો ચકાસી લેવા વિનંતી છે.

સંબંધિત શેર ધારક(કો) જેમના શેર્સ આઈઈપીએફ ઓથોરીટીમાં ફેરવવાને પાત્ર છે અને આવા શેર તેઓ ફિઝીકલ ફોર્મમાં ધારણ કરી રહ્યાં છે, તેઓ નોંધ લે કે તેમના શેર્સ આઈઈપીએફ ઓથોરીટીના ખાતે જમા થઈ જાય ત પછી, તેમના નામે નોંધાયેલા મૂળ શેર સર્ટીફિકેટ(સ) આપોઆપ રદ થઈ જશે અને વેચાણને યોગ્ય રહેશે નહીં. જે શેર્સ ડિમેટ સ્વરૂપમાં હશે, તે પૈકી ટ્રાન્સફર કરવાને પાત્ર શેર્સ સંબંધિત શેરધારકોના ખાતામાંથી બાદ કરાશે.

જો સંબંધિત શેરધારકો ૧૪-૦૩-૨૦૨૩ સુધીમાં તેમના અનકલેઈમ ડિવિડન્ડ કલેઈમ નહીં કરે, તો કંપની નિયમોનું પાલન કરવાના આશય સાથે, અન્ય વધારાની કોઈ સૂચના આપ્યા વગર સંબંધિત શેર્સ અને અનકલેઈમ ડિવિડન્ડસ આઈઈપીએફ ઓથોરીટીના ખાતે ફેરવી દેશે અને આ બાબતમાં ટ્રાન્સફર કરવામાં આવેલા શેર્સના સંદર્ભમાં કંપનીની કોઈ જવાબદારી રહેશે નહીં.

શેરધારકો એ બાબતની નોંધ લે કે શેર્સ આઈઈપીએફ ઓથોરીટીને તેના પર મળવા પાત્ર થનારા તમામ લાભો સાથે ટ્રાન્સફર થઈ જાય તે પછી, તે મેળવવાનો દાવો માત્ર આઈઈપીએફ ઓથોરીટી પાસેથી જ કલેઈમ કરી શકાશે અને તેના માટે આઈઈપીએફ ઓથોરીટીને નિયમોની જોગવાઈઓ પ્રમાણે ફોર્મ આઈઈપીએફ - પમાં અલગથી અરજી કરવાની રહેશે. તેના માટેનું નિર્દિષ્ટ અરજીપત્રક આઈઈપીએફની વેબસાઈટ www.iepf.gov.in પરથી મળી શકશે.

ઉપરોક્ત બાબતમાં કોઈપણ પૂછવા માટે, શેરધારકો એમસીએસ શેર ટ્રાન્સફર એજન્ટ લિમિટેડ, ધી રજીસ્ટ્રાર એન્ડ ટ્રાન્સફર એજન્ટસ ઓફ ધી કંપની, પહેલો માળ, નીલમ એપાર્ટમેંટ, ૮૮, સંપતરાવ કોલોની, છપ્પનભોગ સ્વીટની ઉપર, અલકાપુરી, વડોદરા - ૩૯૦૦૦૭, ઈ-મેઈલ : mcsltdbaroda@gmail.com; વેબસાઈટ : www.mcsregistrars.com નો સંપર્ક કરે.

અને તેના બોર્ડના આદેશ દ્વારા
સિલ્ચર ટેકનોલોજીસ લિમિટેડ વતી
શ્રી અલય શાહ
મેનેજિંગ ડિરેક્ટર
(DIN: 00263538)

સ્થળ : વડોદરા
તા. : ૧૨.૧૨.૨૦૨૨